सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ ૨૬ ઓક્ટોબર -૨૦૦૬ અંક - ૨

## વાલીઓને.....

અનેક વખત શાળા છૂટયા બાદ વાલીઓ તેમના બાળકો સાથે ઘરકામ શું આપ્યું ? વર્ગમાં શું ચાલ્યું ? વિગેરેની પૂછપરછ કરતાં જોવા મળ્યાં છે. ગુજરાતની વાત જવા દઈએ પણ અમદાવાદમાં પણ કેટલીક એવી શાળા હશે કે જેમાં પોતાનું બાળક કયા ધોરણમાં ભણે છે તેની પણ વાલીને જાણ નહીં હોય તે રીતે આ સંસ્થા સદ્નસીબ છે, તેમ હું માનું છુ.

સાથે સાથે મને એ પણ લાગ્યું છે કે મોટાભાગનાં વાલીઓ વિદ્યાર્થીએ શું જ્ઞાન મેળવ્યું તે જાણવા કરતાં જે જે કંઈ શીખ્યા તે પરીક્ષામાં જવાબ આપી શકે છે કે કેમ ? તેની જ ચિંતા કરતા હોય છે. આમ જ્ઞાન કરતાં ગુણને વધારે મહત્વ આપતા હોય છે. જેને હું આવકાર્ય નથી ગણતો અનેક વિદ્યાર્થીઓ પરીક્ષામાં સારા ગુણ મેળવી શકતા ન હોય , ઉંચો નંબર પ્રાપ્ત કરી શકતા ન હોય, છતાં જીવનના ક્ષેત્રમાં અત્યંત સફળ રહ્યા હોય તેવા અનેક દાખલાઓ છે.

માત્ર પરીક્ષાની દ્રષ્ટિએ વિદ્યાર્થીને તૈયાર કરવાનું વ્યવહારિક રીતે ભલે જરૂરી લાગતું હોય પણ તે આવકારદાયક નથી. બાળકને ફાસ્ટફૂડ આપી દેવાથી તે મેદસ્વી જરૂર બને પરંતુ તે તંદુરસ્ત બનતો નથી. એને તો તેણે જાતે જ કેટલું જ્ઞાન મેળવી લેતાં આવડવું જોઈએ તે ખૂબ જરૂરી છે. આ બાબતમાં શિક્ષક કરતાં ભણેલા વાલી વધારે ઉપયોગી થઈ શકે એમ છે. ગયા શારદમાં મેં કોશેટોમાંથી સંઘર્ષ કરી બહાર નીકળતા પતંગિયાનો દાખલો આપ્યો હતો, તેને કોશેટોમાંથી બહાર નીકળવા માટેના સંઘર્ષમાં મદદરૂપ થતાં તેને ભારે નુકશાન કરે છે. આ રીતે બહાર આવેલું પતંગિયું પોતે સંઘર્ષ ન કરેલો હોવાથી ઉડવા અસમર્થ બને છે. પણ સંઘર્ષથી પોતાના જીવનમાં તે ઉંચી ઉડાન ભરી શકે તેવી શક્તિ પ્રાપ્ત કરી શકે છે. આ બહુ મહત્વનું છે. ભલે ગુણ ન આવે પરંતુ તે બાળકે મથામણ કરીને જવાબ આપવાનો જે પ્રયત્ન કર્યો હોય તે ખૂબ મહત્વનું છે.

શિક્ષણનો મુખ્ય હેતુ જ એ છે કે શિક્ષિત વ્યક્તિને જ્યારે જે જ્ઞાનની જરૂર પડે ત્યારે તેણે તે કયાંથી મેળવવું તેની ક્ષમતા તેનામાં હોય. અસાધારણ પરિસ્થિતિ કે વિપરીત સંજોગોમાં તેનો સામનો તે કરી શકે. આ બધું એ ત્યારે જ કરી શકે જયારે નાનપણમાં તેને આ માટેની તાલીમ મળી હોય, - આમ થવાને બદલે આજે તો તેને વિના મહેનતે અન્યની મદદ લઈને તેના પ્રશ્નો હલ થઈ શકે તેવી પરિસ્થિતિ થઈ છે. જરૂર ન હોય ત્યાં પણ માર્ગદર્શન મળે છે, તેને પડકારરૂપ વાતાવરણની તાલીમ મળતી નથી અને અંતે તેને અણધાર્યા પ્રશ્નોનો મુકાબલો કરવાનો આવે ત્યારે મુંઝાય છે. - પાછો પડે છે.

બાળકને પડકાર ઝીલતા શીખવવું જરૂરી છે.

દિનુભાઈ દવે
ના વંદન

## સ્મૃતિચિત્રો

શારદામંદિરનો સ્થાપનાદિન શ્રાવણ સુદ સાતમને તા.૭-૮-૧૯૨૪. વિનયમંદિરમાં ૮૩મો સ્થાપનાદિન તા.૭-૮-૦૬ના રોજ પ્રાર્થનામંદિરમાં ઉજવવો પડયો. પરંતુ બાલમંદિરે ૮૩મો સ્થાપનાદિન ખુશનુમા વાતાવરણ વચ્ચે તા.૮-૮-૦૬ના દિવસે ઉજવ્યો.

બરાબર પંદર વર્ષ અગાઉ એક વિશિષ્ટ પરિસ્થિતિમાં અમે કાર્યક્રમ આપેલો તે વાત યોગાનુયોગ કાર્યક્રમના મુખ્ય અતિથિ જે માટે યશભાગી હતા, તેની યાદ આવી ગઈ.

૧૯૯૧ના ઓગસ્ટ માસમાં અમને બેલેનૃત્યના કાર્યક્રમ માટે ફ્રાંસનું નિમંત્રણ મળ્યું. શ્રેણી ૫,૬ના ૨૫ બાળકોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો. ફ્રાન્સના દક્ષિણ ભાગમાં ગ્રામીણ વિસ્તારમાં મીગ્રોમાં પહેલે દિવસે અમારો કાર્યક્રમ હતો. લગભગ ૭૦-૮૦ ઘર. અમને જણાવવામાં આવ્યું કે કાર્યક્રમ સાંજે છે. સાંજે અમને કાર્યક્રમ માટે લઈ જવાયા. ત્યાં જોયું કે લીલાછમ ખેતરોની વચ્ચે એક લાકડાનું સ્ટેજ બાંધેલું હતું. ખેતરમાં ખાડા ખોદીને લાકડા વડે ઉપર તપેલા મૂકીને ખાદ્ય પદાર્થો તૈયાર થઈ રહ્યા હતા. જાણે ભારતનો જ કોઈ વિસ્તાર હોય અને ઉજાણી હોય તેવું લાગે. એક મોટો તંબુ પણ બાંધેલો તેમાં થોડાક ટેબલ ખુરશી મુકેલા. ઝરમર ઝરમર વરસાદ પડતો બંધ થયેલો એટલે લોકો મોટેભાગે બહાર હાથમાં ડીશ લઈને તેને ન્યાય આપતા હતાં ને સાથેસાથે એક પછી એક દેશનો જે કાર્યક્રમ અપાતો હતો તે જોતા જતાં હતાં. કાર્યક્રમ ચાલતો હતો ત્યારે "ઈન્ડે" હવે કાર્યક્રમ આપશે તેવી જાહેરાત થઈ એટલે અમે સ્ટેજ પર ગયા. જેવો ગરબાનો ઉપાડ કરવામાં આવ્યો કે વાતાવરણમાં એક જાતની ચમક છવાઈ ગઈ. ભારતીય લોકસંગીતની જાદુઈ અસર ઉભી થઈ હતી અને લોકો સ્ટેજની આજુબાજુ હાથમાં ખાદ્યપદાર્થની ડીશ સાથે આવવા લાગ્યા. આપણા ગરબાના ગીતો, કોરીયોગ્રાફી, પહેરવેશ એ બધું તેમના માટે સાવ નવું હતું. અને ત્રણ ગરબા રજૂ થયા ત્યાં સુધી સૌ સ્ટેજની આજુબાજુ ઉભા રહ્યા અને કાર્યક્રમ રસપૂર્વક માણ્યો. આ કાર્યક્રમનું પશ્ચાત્ સંગીત શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની બ્હેન આનતીએ આપ્યું હતું. આજે આનતી સ્થાપનાદિનના મુખ્ય મહેમાન તરીકે આવતાં આખું ચિત્ર માનસપટ ઉપર છવાઈ ગયું.

દિનુભાઈ દવે

### ભૂતપૂર્વ વિદ્યાર્થિનીની સ્મૃતિનોંધમાંથી

શારદામંદિર સાચા અર્થમાં જ સરસ્વતી મંદિર છે, તેના નામની સાર્થકતા મેં મારા અભ્યાસકાળ દરમ્યાન અનુભવી છે. બાળકના ઘડતરમાં માતાપિતા પછી શાળા અને ગુરુજનોનો સૌથી મહત્વનો ફાળો હોય છે. ત્યાં સંસ્કારસિંચન વિકાસ થાય છે. વિદ્યાર્થીના ચારિત્રઘડતર અને વ્યક્તિત્વનો વિકાસ થાય છે. શરીર, મન અને આત્માનું ઘડતર કરે તે સાચી કેળવણી. શારદામંદિરમાં આ ત્રિવિધ તાલીમનો સુભગ સમન્વય મેં અનુભવ્યો છે અને મેળવ્યો છે. શાળાને તેની આગવી પ્રતિભા હોય છે અને તેમાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓમાં તે પ્રતિબિંબિત થાય છે. હું જે કાંઈ છું, મેં જે કાંઈ પ્રાપ્ત કર્યું છે તેના મૂળમાં શારદામંદિરનો ઘડતરનો ફાળો અમૂલ્ય છે.

- સુજાતા ચીમનભાઈ પટેલ

## પરીક્ષા કોની ? માબાપની કે બાળકની ?

'અરે વંદિત ! જો જે પાછો પરીક્ષામાં વહેલો ન ઉઠી જતો, બધું બરાબર લખજે, શું કહું છું ? અક્ષર સારા કાઢજે.. અને હા... પ્રશ્નના નંબર ધ્યાન રાખીને લખજે, અને જો હું રીસેસમાં પાછી તને મળવા આવીશ, ત્યારે લીંબુનું શરબત લેતી આવીશ હોં દીકરા ! તું અહીં ઝાંપા પાસે આવીને ઉભો રહેજે. એટલે અહીં બહાર બાંકડા પર બેસીને તને શરબત પાઈ થોડો નાસ્તો કરાવીને પાછી બીજી પરીક્ષાની ય થોડી તૈયારી કરાવી લેવાય.. કાલે રાતે આપણે પેલું મોસ્ટ ઈમ્પોર્ટન્ટનું કાગળ બનાવ્યું છે ને ! એ લેતી આવીશ હોં !.. તો હું જાઉં ને બેટા ! આ પરીક્ષાનાં ટેન્શનમાં સવારે સરખું જમ્યો ય નથી. એક તો રાતે મોડે સુધી બધું ગોખ ગોખ કર્યું, બાકી હતું તે સવારે ય વહેલો ઉઠાડવો પડયો. નહીં તો બધું ય રીવીઝન પૂરું કયાંથી થાય ? છેલ્લે દિવસે બધું નજર તળેથી ન જાય તો પછી આવડે કયાંથી ? અને પછી પરીક્ષામાં ઓછા માર્કસ્ આવે તો બહાર મોં શું બતાવું ? મને તો મિત્રો વચ્ચે શરમ આવે, પણ એની ય વર્ગમાં ઠોઠની છાપ ન પડે ! આ ટેન્શનમાં ને ટેન્શનમાં બિચારો સરખું જમ્યો ય નથી.. મારો તો એવો જીવ બળી જાય છે, છોકરાં બિચારાં આ પરીક્ષા પાછળ અડધા થઈ જાય છે.'

'અરે ! તમે આ શું ધાર્યું છે ? એક દિવસમાં બે બે પરીક્ષા ? બિચારા છોકરાંઓ હેરાન ન થઈ જાય ? એટલું બધું એક દિવસમાં વાંચે કયાંથી ?'

'બેન ! આ તો માત્ર પચાસ માર્કસનું જ પેપર છે. અને સત્રાન્ત પરીક્ષા એટલે કોર્સ પણ માત્ર અડધો જ ચાલ્યો હોય, એટલું વાંચતા શું વાર લાગે ? અમે ભણતા હતાં ત્યારે તો યુનિવર્સીટીની પરીક્ષાઓ પણ સતત પાંચ દિવસ સુધી રોજના ત્રણ કલાકના બે પેપરો બી.એ.માં આપ્યાં હતાં ત્હોય અમને હેરાનગતિ લાગતી નહોતી.. તમે, આટલી બધી ચિંતા શું કામ કરો છો ?....

'ચિંતા તો થાય જ ને ! પછી માર્કસ્ ઓછા આવે ત્યારે ! હવે તો કેટલી કોમ્પીટીશનનો જમાનો છે !'

'છોકરાં નિયમિત ભણ્યાં હોય તો એમા કશો વાંધો ન આવે ... બધું જકાંઈ છેલ્લા દિવસે વાંચવું પડે એવું ઓછું જ છે !'

'હા.. તમે તો એવું જ કહો ને ! પણ છોકરાંઓની આ પરીક્ષાનું અમને કેટલું ટેન્શન થાય છે એ તમને ખબર છે ?'

મને સમજ નથી પડતી કે પરીક્ષાનું ટેન્શન માબાપને કેમ આટલું બધું થાય છે ? જે પ્રક્રિયા જીવનમાં વીસ એકવીસ વર્ષના થાય ત્યાં સુધી ચાલવાની છે તેનું આટલું ટેન્શન ઉભં કરીએ તો છોકરાંઓને ભણવા તરફનો અણગમો ન થઈ જાય ? હકીકતમાં બાળકોને તો પરીક્ષાની બીક હોતી જ નથી એટલે જ વર્ષમાં બે વખત જયારે સરપ્રાઈઝ ટેસ્ટ રાખવામાં આવે છે ત્યારે બાળકો સાવ નિશ્ચિંતપણે અને સાવ સાહજીકતાથી પરીક્ષા આપે છે. કયાંય કોઈ બાળકને તકલીફ પડતી નથી. પણ જો પરીક્ષાનો કાર્યક્રમ લેખિત પરીક્ષા માટે અપાયો તો માબાપનાં મગજમાં ચિંતા સવાર થઈ જાય છે. રીવીઝનનું ટાઈમટેબલ ઘડાઈ જાય તેનું ચુસ્તપણે પાલન શરૂ થઈ જાય, 'ભણવું જ નથી ગમતું, 'ઢ' રહેવાનો છે. રમવામાં જ જીવ છે, નપાસ જ થવાનો છે.' આ સંવાદો શરૂ થઈ જાય છે ને ઘરમાં પરીક્ષા ન પતે ત્યાં સુધી વાતાવરણમાં સન્નાટો છવાઈ જાય છે ને ત્યારે મને થાય છે આ પરીક્ષા કોણે કરી હશે ? શું આપણે જ્ઞાન માટે બાળકને ભણાવીએ છીએ કે માત્ર પરીક્ષાનાં માર્કસ્ માટે ? પરીક્ષા તો માત્ર સાધન છે, તેને સાધ્ય બનાવી દઈને આપણે બાળકોને માથે કેવો માનસિક અત્યાચાર ગુજારી રહ્યાં છીએ ! મને તો કયારેક એમ થાય છે કે શિક્ષણ કોને માટે જરૂરી છે, બાળક માટે કે માબાપ માટે ? પહેલાં 'સોટી વાગે ચમચમ વિદ્યા આવે રમઝમ' એ સૂત્ર બદલાઈને આજે 'કસોટી આવે ઝટપટ, વિદ્યા આવે રમઝમ..' નું સૂત્ર યથાર્થ થતું લાગે છે. બાળક માટે આ કેવી કમનસીબી !!!

**ઊર્મિલા શાહ**

## સંસ્થાનું ગૌરવ
## સનત શોધનનું ફૂલોના ફોટોગ્રાફસનું પ્રદર્શન

સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈ સનત શોધનનું ફૂલોના ફોટોગ્રાફનું પ્રદર્શન રવિશંકર આર્ટ ગેલેરીમાં સપ્ટેમ્બરના છેલ્લા સપ્તાહમાં યોજાયું. આ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન રાજ્યના શિક્ષણમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે કર્યું હતું. વિશ્વના અત્યંત પ્રસિધ્ધ ઉદ્યાનના ફૂલોની તસવીરો અહીં જૂ થઈ હતી. આંખે ઉડીને વળગે તેવી આકર્ષક રંગ સંભર આ તસવીરો અમદાવાદના શહેરીઓએ મન ભરીને માણી હતી.

આ અગાઉ પણ આફ્રિકાની સફારીની તસવીરોનું ભાઈ સનતના પ્રદર્શને એટલું જ આકર્ષણ ઉભુ કર્યું હતુ. કેકટસ, વાઈલ્ડ લાઈફ, નેચર ઉપરાંત રમત ગમત એ બધા ક્ષેત્રોમાં ભાઈ સનતને રસ છે અને પ્રસંગોપાત્ તેનો લાભ સમાજને મળતો રહે છે.

ભાઈ સનતને ખૂબ ખૂબ અભિનંદન.

સંસ્થાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની દોશી હેલી ઉદવીતભાઈએ બેચલર ઓફ ફિઝીયોથેરાપીમાં ફાઈનલ વર્ષમાં ગુજરાત યુનિવર્સીટીમાં ૫ મું સ્થાન મેળવી સંસ્થાને ગૌરવ અપાવ્યું છે તે બદલ તેમને અભિનંદન.

સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈ પારેખ નિરવ હેમંતભાઈએ થર્ડ ઈયર બી.ડી.એસ. ( ડેન્ટલ સર્જન ) ની પરીક્ષામાં ગુજરાત યુનિવર્સીટીમાં દ્વિતીય આવીને ઝળહળતી સિદ્ધિ પ્રાપ્ત કરી છે તે માટે તેમને ખૂબ ધન્યવાદ.

સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી ઠાકોર શાશ્વત અદ્વૈતભાઈએ ગુજરાત યુનિવર્સીટીમાં બી.ઈ.ફાઈનલમાં ( કમ્પ્યૂટર એન્જીનીયરીંગ ) સાથે ચોથું સ્થાન પ્રાપ્ત કર્યું છે અને નિરમા ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજીમાં આ બ્રાંચમાં પ્રથમ આવ્યા છે, ખૂબ ધન્યવાદ ને ભાવિ સફળતા માટે શુભેચ્છા.

સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી મનાણી સૌરભે DOEACC Society મિનીસ્ટ્રી ઓફ કોમ્યુનીકેશન એન્ડ ઈન્ફર્મેશન ટેક્નોલોજી ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયા તરફથી લેવાતી 'O' લેવલ પરીક્ષામાં સફળતા પ્રાપ્ત કરી છે તે માટે ધન્યવાદ.

*****

### શિશુમંદિર અંગે ખાસ સૂચના :

શાળાનો સમય ૧૧ થી ૫ છે. વિદ્યાર્થીઓને ૧૦-૩૦ થી વહેલા મૂકવા ન આવવું. દરેક વિદ્યાર્થી ૧૧ વાગે પ્રાર્થનામાં સમયસર પહોચે તે માટે ૧૦-૫૦ સુધીમાં આવી જાય તે જોશો. શાળા છૂટે ત્યાર બાદ પંદર મિનિટમાં બાળકને લઈ જવાની વ્યવસ્થા જવાબદારીપૂર્વક કરવી.

**દિવાળી વેકેશન :**

સંસ્થાના બધા વિભાગોમાં તા.૧૬-૧૦-૦૬ને સોમવારથી તા.૫-૧૧-૦૬ને રવિવાર સુધી દિવાળી વેકેશન રહેશે. તા.૬-૧૧-૦૬ને સોમવારથી શાળા રાબેતા મુજબ શરૂ થશે.

# સંસ્થાકીય સમાચાર

## બાલમંદિર

તા.૮-૮-૦૬ને મંગળવારે શાળાનો ૮૩મો સ્થાપનાદિન ઉજવવામાં આવ્યો. શારદામંદિરમાં બાળક હંમેશા કેન્દ્રસ્થાને હોય છે અને એથી આ દિવસે બાલપૂજનની પ્રણાલિકા વર્ષોથી ચાલી આવે છે.

કાર્યક્રમની શરૂઆત મા સરસ્વતીની પ્રાર્થનાથી થઈ. 'હવામાં આજ વહે છે ધરતી કેરી ખુશખુશાલી'.. ખુશનુમા હવામાનમાં રંગબેરંગી ચણીયાચોળીમાં સજ્જ નાનકડી બાળાઓએ આ સમૂહનૃત્ય ખૂબ સરસ રીતે રજૂ કર્યું. બાલરથીને લઈને બાળકો આવી પહોંચ્યા.મુખ્ય મહેમાન તરીકે પધારેલ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થિની બેન આનતી શાહે બાલરથીનું ભાવનાપૂર્ણ રીતે પૂજન કર્યું. એમના વકતવ્યમાં તેમણે તેમના શાળા સમયનાં મીઠા સંસ્મરણોને વાગોળ્યાં. મુ.શ્રી દિનુભાઈએ પણ આશીર્વચન આપ્યાં.ત્યારબાદ બાળકોએ 'એવા આવે છે શારદાના સાદ' ગરબો, અને છેલ્લે હાથમાં ફૂગ્ગા અને ધજા લઈને બાલકૂચ, ચલો, ચલો, ચલો શારદમાના બાળ' રજૂ કર્યું. બાળકોનો આનંદ અદ્‌ભૂત હતો. બાલમંદિરનુ આખુંય પટાંગણ બાળકોની પ્રસન્નતાથી છવાઈ ગયું. વાલીઓ તરફથી પણ ખૂબ સહકાર મળ્યો તે બદલ સંસ્થા ઋણ સ્વીકાર કરે છે.

પવિત્ર શ્રાવણ માસમાં શિવરાત્રી નિમિત્તે બાળકોને ભગવાન શિવનો મહિમા સમજાવી તેમની પૂજા કરાવવામાં આવી.

પંદરમી ઓગસ્ટ નિમિત્તે બાળકોને વિવિધ દેશોના રાષ્ટ્રધ્વજની માહિતી આપી ભારતના રાષ્ટ્રધ્વજની વિસ્તૃત માહિતી આપવામાં આવી.

તા.૨૪-૮-૦૬ને ગુરુવારે જન્માષ્ટમી પર્વ નિમિત્તે કૃષ્ણ જન્મોત્સવ ઉજવવામાં આવ્યો. 'કૃષ્ણજન્મ ... મટકીફોડ, નાગદમન વિગેરે કૃષ્ણજીવનનાં વિવિધ પ્રસંગોને વણી લઈને ગીત, સંગીત અને નૃત્યનાં ત્રિવેણી સંગમ સાથે ખૂબ સરસ રજૂઆત કરવામાં આવી. નાનકડાં બાળકોએ જુદા જુદા પાત્રો પણ ખૂબ સરસ રીતે રજૂ કર્યા. તેમાં ય કંસના પાત્રમાં ભાઈ પ્રેયસે તો ખૂબ સુંદર અભિવ્યક્તિ કરી. 'હાથી ઘોડા પાલખી, જય કનૈયા લાલકી', 'હા રે, ગોકુળમાં આજ દિવાળી', 'જળકમળ છાંડી જાને બાળા' 'જશોદા તારા કાનુડાને સાદ કરીને વાર રે,' શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની બેન આનલ વસાવડાતથા ગાયકવૃંદના સુમધુર કંઠે ભાવપૂર્ણ રીતે ગવાયેલ આ ગીતો તથા શ્રી પ્રતિમાબેનનાં સંગીતે આખાય કાર્યક્રમને ખૂબ સફળ બનાવ્યો, તેમાંય ટોપલામાં બેઠેલ બાલકૃષ્ણે તો પ્રેક્ષકોનાં હૃદયને જાણે સાક્ષાત્ કૃષ્ણના દર્શન કરાવ્યાં.

તા.૨૬-૮-૦૬ને શનીવારે મહાવીર જન્મવાંચન દિન નિમિત્તે ભગવાન મહાવીરના જન્મ વિશે વિસ્તૃત માહિતી બાળકોને આપી તથા ધૂન બોલાવી. તા.૨૬-૮-૦૬ને શનીવારે ગણપતિનું સ્થાપન કરવામાં આવ્યું ને ગણેશજીનું નાટક ભજવવામાં આવ્યું.

બાળકોમાં આપણી સંસ્કૃતિ અને સંસ્કારનો વારસો જળવાઈ રહે એ રીતે આપણાં ધાર્મિક , રાજકીય અને સમાજીક તહેવારોની ઉજવણી અહીં કરવામાં આવે છે.

તા.૬-૯-૦૬ને બુધવારે ગણપતિનો વરઘોડો કાઢી વાજતે ગાજતે ગણપતિ વિસર્જન કરવામાં આવ્યું. બાળકો ખૂબ આનંદપૂર્વક નાચ્યાં.

પારિજાતનાં ફૂલોથી રંગોળી કરી બાળકોએ દિવાળીના પર્વની પૂર્વ તૈયારીઓ કરી.

તા.૨૬-૯-૦૬ને મંગળવારે બાલવાડીની છેલ્લી ટુકડીનાં બાળકોનું આગમન થયું છે ને તેઓ જૂના બાળકો સાથે ખૂબ સરસ રીતે હળીમળી ગયા છે.

## શિશુમંદિર

તા.૭-૮-૦૬નાં રોજ શાળાનો ૮૩મો સ્થાપનાદિન ઉજવવામાં આવ્યો. મુખ્ય અતિથિ તરીકે પ્રતિષ્ઠિત સાહિત્યકાર શ્રી રતિલાલભાઈ બોરીસાગર પધાર્યા. આકસ્મિક વરસાદને કારણે કાર્યક્રમ મોટા પ્રાર્થનામંદિરમાં ગોઠવવો પડયો છતાંય ખૂબ સરસ રીતે મહેમાનશ્રીને હસ્તે બાલપૂજન કરવામાં આવ્યું. પ્રારંભમાં મા સરસ્વતીની પ્રાર્થના બાદ મુ.નિયામકશ્રી દિનુભાઈએ મહેમાનોનું સ્વાગત કર્યું. ત્યારબાદ મુખ્ય અતિથિ શ્રી રતિભાઈ બોરીસાગરે કંકુ અક્ષતથી બાલરથીનું પૂજન કર્યું,અને આશીર્વચન આપ્યાં અને બાળકો માટે પ્રેરણાત્મક વકતવ્ય રજૂ કર્યું.કો.ઓર્ડિનેટર શ્રી ઊર્મિલાબેન શાહે સૌનો આભાર માન્યો.

તા.૫-૯-૦૬નાં રોજ શિક્ષકદિન, ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણનનાં જન્મદિવસ નિમિત્તે પ્રાર્થનાખંડમાં શ્રી મીતાબેન શાહે તથા શ્રી સ્મૃતિબેન પંચાલે ભારતની એ મહાન વિભૂતિ વિષે માહિતીસભર વકતવ્ય રજૂ કર્યા.

તા.૮-૯-૦૬ને શુક્રવારે 'પોષણયુક્ત આહાર' વિષય પર બી.ડી.આર્ટસ કોલેજના પ્રાધ્યાપક ડૉ.અંબરબેન ત્રિવેદીએ વ્યાખ્યાન આપ્યું.

**આંતરગૃહ સ્પર્ધાઓ :**

**મહેંદી સ્પર્ધા** તા.૧૪-૭-૦૬

| | | |
|---|---|---|
| પ્રથમ | મિલોની શાહ | ( મેઘનાદ ) |
| દ્વિતીય | દિસુ શાહ | ( મેઘનાદ ) |
| | કાજલ શાહ | ( ગંગોત્રી ) |
| તૃતીય | ઉત્સવી શાહ | ( રત્નદીપ ) |
| | શિવાની ઉપાધ્યાય | ( ગંગોત્રી ) |

**પારણાં સ્પર્ધા** તા.૨૪-૮-૦૬

| | | |
|---|---|---|
| પ્રથમ | માનસી લાડ | ( મેઘનાદ ) |
| દ્વિતીય | હેલી સોપારકર | ( મેઘનાદ ) |
| | દ્રષ્ટિ ત્રિવેદી | ( મેઘનાદ ) |
| તૃતીય | ખુશી બ્રોકર | ( ધવલગિરિ ) |
| | રિયા પટેલ | ( ગંગોત્રી ) |

**પંચાજીરી સ્પર્ધા ( સ્વાદ )** તા.૨૪-૮-૦૬

| | | |
|---|---|---|
| પ્રથમ | નીલ વૈદ્ય | ( ધવલગિરિ ) |
| દ્વિતીય | ધ્રુમિલ શાહ | ( રત્નદીપ ) |
| તૃતીય | યત્ન પટેલ | ( ધવલગિરિ ) |

**પંચાજીરી સ્પર્ધા ( ડેકોરેશન )** તા.૨૪-૮-૦૬

| | | |
|---|---|---|
| પ્રથમ | નીલ વૈદ્ય | ( ધવલગિરિ ) |
| દ્વિતીય | સંજના મોદી | ( ધવલગિરિ ) |
| | વિધિ શાહ | ( રત્નદીપ ) |
| તૃતીય | ઋજુતા ભટ્ટ | ( ગંગોત્રી ) |
| | મૌલિ સોની | ( રત્નદીપ ) |

**ગણેશમૂર્તિ સ્પર્ધા** તા.૨૪-૮-૦૬

| | | |
|---|---|---|
| પ્રથમ | ક્રિશ્રા શાહ | ( ગંગોત્રી ) |
| દ્વિતીય | કિશન શાહ | ( ધવલગિરિ ) |
| | દ્રષ્ટિ ઠક્કર | ( રત્નદીપ ) |
| તૃતીય | નિધિ પટેલ | ( રત્નદીપ ) |

**નંદાવ્રત સાથિયા સ્પર્ધા** તા.૨૪-૮-૦૬

| | | |
|---|---|---|
| પ્રથમ | શિવાની શાહ | ( ગંગોત્રી ) |
| દ્વિતીય | સલોની શાહ | ( ધવલગિરિ ) |
| તૃતીય | ભૂમિ શાહ | ( મેઘનાદ ) |
| | અક્ષય શાહ | ( ગંગોત્રી ) |

## વિનયમંદિર

**આંતરગૃહ સ્પર્ધાઓ :**

**પારણા સ્પર્ધા** તા.૨૪-૮-૦૬

| | | |
|---|---|---|
| પ્રથમ | રીશી જાની | ( મેઘદૂત ) |
| દ્વિતીય | દ્વિજ દવે | ( ચંદ્રમૌલિ ) |
| તૃતીય | સ્મિત શાહ | ( પદ્મપુકુર ) |

**નંદાવત સાથિયા સ્પર્ધા** તા.૨૪-૮-૦૬

| | | |
|---|---|---|
| પ્રથમ | કૃપાલી શાહ | ( ગીતગોવિંદ ) |
| દ્વિતીય | વિરતી શાહ | ( ચંદ્રમૌલિ ) |
| તૃતીય | કલગી શાહ | ( મેઘદૂત ) |

**ગણેશ સ્પર્ધા** તા.૨૪-૮-૦૬

| | | |
|---|---|---|
| પ્રથમ | રાહિલ જાની | ( પદ્મપુકુર ) |
| દ્વિતીય | નિરાલી ત્રિવેદી | ( ચંદ્રમૌલિ ) |
| તૃતીય | પ્રખર પંડિત | ( મેઘદૂત ) |
| | પ્રિયંકા ઠાકર | ( મેઘદૂત ) |

**પંચાજીરી સ્પર્ધા ( ડેકોરેશન )** તા.૨૪-૮-૦૬

| | | |
|---|---|---|
| પ્રથમ | મૈત્રેયી દિક્ષિત | ( ગીતગોવિંદ ) |
| દ્વિતીય | રાજવી પરીખ | ( પદ્મપુકુર ) |
| તૃતીય | પલક મકવાણા | ( મેઘદૂત ) |

**પંચાજીરી સ્પર્ધા ( સ્વાદ )** તા.૨૪-૮-૦૬

| | | |
|---|---|---|
| પ્રથમ | ઐશ્વર્યા રાવલ | ( પદ્મપુકુર ) |
| દ્વિતીય | અભિષેક ભટ્ટ | ( ગીતગોવિંદ ) |
| તૃતીય | બિનીતા ગાંધી | ( પદ્મપુકુર ) |

નિર્ણાયક તરીકે શ્રી સંયુક્તાબેન શાહે સેવા આપી.

**વનસ્પતિ ઓળખ સ્પર્ધા** તા.૭-૯-૦૬

| | |
|---|---|
| પ્રથમ | મેઘદૂત |
| દ્વિતીય | પદ્મપુકુર |
| તૃતીય | ગીતગોવિંદ |

**વનસ્પતિજન્ય ચીજોની ઓળખ સ્પર્ધા**

| | |
|---|---|
| પ્રથમ | પદ્મપુકુર |
| દ્વિતીય | ચંદ્રમૌલિ |

## એકલવ્ય સ્કોલરશીપ ઓફ એકસલન્સ

તા.૨૯-૯-૦૬ને શુક્રવારે એકલવ્ય એજ્યુકેશન ફાઉન્ડેશન તરફથી અપાતા એવોર્ડનો વિતરણ સમારંભ યોજાયો. આ પ્રસંગે એકલવ્ય તરફથી શ્રી સફી મલિક, કુ.હીરલ વ્યાસ અને ભાઈશ્રી રૂપેશ ગજ્જર ઉપસ્થિત રહયાં. કો.ઓર્ડિનેટર શ્રી આનંદ પાઢ સંજોગવશાત્ હાજર ન રહી શકવાથી શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો.

દરેક વિદ્યાર્થિની બહેનને રૂ.૫૦૦/-નો ચેક અને અડધી ..ની વાચનયાત્રાનું પુસ્તક અર્પણ કરવામાં આવ્યા. તે સાથે વિદ્યાર્થીનીઓનાં વાલીનું પણ સન્માન શ્રીફળ અને ચાંદીની મુદ્રા અર્પણ કરીને કરવામાં આવ્યું. કો.ઓર્ડિનેટર શ્રી ઊર્મિલાબેન શાહે સૌનુ સ્વાગત કર્યું . શ્રી સફી મલિકે એકલવ્યનો પરિચય આપી વિદ્યાર્થીઓને પ્રેરણાત્મક પ્રવચન આપ્યું. શારદામંદિર વિનયમંદિરના આચાર્યશ્રી દિનેશભાઈ ઓઝા કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં, અને આભાર વિધિ કરી.

## અભિનંદન

| સંસ્થા | વિજેતા વિદ્યાર્થી | પારિતોષિક | |
|---|---|---|---|
| | **ચિત્ર** | | |
| ગુજરાત સિવિલ એન્જીનીયર એન્ડ આર્કિટેક્સ્ | દ્રષ્ટિ ઠક્કર | પ્રથમ ઈનામ ચાંદીનો સિક્કો | |
| લાલિત્ય સાંસ્કૃતિક કેન્દ્ર રંગવર્ષા ૨૦૦૬ | વરુણ રાવળ | નેશનલ કલાભદ્ર એવોર્ડ | |
| એકસપેરીમેન્ટ ઈન ઈન્ટરનેશનલ લીવીંગ | હેમ સોપારકર | દ્વિતીય પારિતોષિક | |
| | **નિબંધ સ્પર્ધા** | | |
| અખિલ હિંદ મહિલા | આર્શ પંડિત | પ્રથમ | ધો.૫ |
| પરિષદ એલીસબ્રીજ | સાહિલ ઠક્કર | તૃતીય | ધો.૬ |
| શાખા | યત્ન પટેલ | દ્વિતીય | ધો.૭ |
| | વિધિ વોરા | પ્રથમ | ધો.૮ |

*****

## બાલમંદિર - ગરબા મહોત્સવ

બાલમંદિરના નવરાત્રિ મહોત્સવની ઉજવણી તા.૩૦-૯-૦૬ને શનિવારને આસો સુદ આઠમના રોજ થઈ.બાલમંદિરના સુશોભિત સ્ટેજ ઉપર બાલવાડી તેમજ બાલમંદિર અને તાલીમના બાળકોએ ગરબાની રજૂઆત કરી. આ પ્રસંગે અમદાવાદના મેયરશ્રી અમીતભાઈ શાહે દીપ પ્રાગટય કર્યું હતું. પોતાનાં અત્યંત વ્યસ્ત વ્યવસાય વચ્ચે પણ તેઓ નાના બાળકોની લાગણીને ધ્યાનમાં લઈને આ પ્રસંગે પધાર્યા હતાં અને દીપ પ્રાગટય બાદ પોતાનાં વક્તવ્યમાં તેમણે જણાવ્યું હતું કે શારદામંદિર આ શહેરની એક નમૂનેદાર સંસ્થામાંની એક છે, તેમાં ભાગ લેવા માટે મને નિમંત્રીત કર્યો તે બદલ આભારની લાગણી વ્યક્ત કરૂ છું.

સમગ્ર કાર્યક્રમનું આયોજન સંસ્થાના કાર્યકર મિત્રોએ ખૂબ ઉત્સાહથી કર્યું હતું. સ્ટેજની સજાવટ, સંગીત બાળકોને ગરબા માટે તૈયાર કરવાની બધી જ તાલીમ તેઓએ બાળકોને આપી હતી અને બાળકોએ લયબધ્ધ રીતે રજૂઆત કરીને પ્રેક્ષકોની ચાહના મેળવી હતી. માથે માંડવી લઈને ગરબો અને હીંચ લેતા બાળકો એક અનન્ય આકર્ષણ બન્યા હતાં.રંગબેરંગી ચણીયાચોળી અને ઓઢણીમાં સજ્જ આ બાળાઓની ગરબામાંની તન્મયતા ધન્યવાદને પાત્ર હતી. માત્ર છોકરીઓ જ નહી પણ છોકરાઓએ પણ ગરબાનાં ટ્રેડીશનલ ડ્રેસમાં અત્યંત લયબધ્ધ રજૂઆત કરી હતી અને સમગ્ર પટાંગણ પ્રસન્નતાથી ભરી દીધું હતું. દોઢેક કલાક ચાલેલો કાર્યક્રમ સૌએ રસપૂર્વક માણ્યો હતો અને આખોય કાર્યક્રમ સફળ રહ્યો હતો. બાલમંદિરના કાર્યકરો અને સૌ બાળકો આ માટે ધન્યવાદને પાત્ર છે.

સંસ્થાના વાલી શ્રી જીજ્ઞેશભાઈ પંચોલી તરફથી તેમના પુત્ર પ્રયાગરાજના જન્મદિન નિમિત્તે સંસ્થાને રૂ.૫૦૦૧/- ભેટ સ્વરૂપે આપવામાં આવ્યાં હતાં. જેનો ઉપયોગ સંસ્થાએ બાળકોને નાસ્તો આપવામાં કર્યો હતો.

આ ઉપરાંત નવરાત્રિ પ્રસંગે પ્રસાદ માટે પણ શ્રી જીજ્ઞેશભાઈ પંચોલીએ પોતાની લાગણી વ્યક્ત કરીને પ્રસાદના પેંડા તેમના તરફથી આપવામાં આવ્યાં હતાં.

તંત્રી, મુદ્રક પ્રકાશક : દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક,શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.
EMAIL : sharda1924@rediffmail.com
shardamandir1924@yahoo.com